**તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૮ ટકા
વરસાદ છેલ્લા ૨૪ કલાક ● ૨૩ મી.મી. ● કુલ વરસાદ ● ૪૫૮ મી.મી.

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૬૬ | ૨૭ ઓગસ્ટ, ૨૦૧૬, શનિવાર ; શ્રાવણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# બિહારમાં પુરથી હાલત કફોડી

## પુરથી વધુ આઠના મોત : ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશમાં પણ પુરથી કફોડી હાલત : બંગાળના માલદા અને ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં પુર અને વરસાદ લગતા બનાવોમાં એક-એકનુ મોત



નવી દિલ્હી,તા. ૨૬

દેશના બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ સહિતના કેટલાક ભાગોમાં પુરની સ્થિતીમાં હજુ પણ નોધપાત્ર સુધારો થયો નથી. બિહારમાં પુરના કારણે વધુ આઠ લોકોના મોત થયાછે. પરંતુ ઉત્તરપ્રદેશમાં સ્થિતીમાં સુધારો થયો છે. ઉત્તરપ્રદેશમાં તમામ મોટી નદીઓમાં પાણીની સપાટી સતત ઘટી રહી છે. જેથી લોકોને રાહત થઈ રહી છે. જો કે હજુ સ્થિતીને સામાન્ય બનવામાં સમય લાગી શકે છે. જો કે નદીઓમાં પાણીની સપાટી હજુ પણ કેટલાક સ્થળ પર ભયજનક સ્તરથી ઉપર છે. પશ્ચિમ બંગાળના માલદા અને ઉત્તારાખંડના ઉત્તરકાશી જિલ્લામાં પુર અને વરસાદ સાથે સંબાંધિત બનાવોમાં એક એક વ્યક્તિનુ મોત થયુ છે. બિહારમાં વધુ આઠ લોકોના મોત સાથે મોતનો આંકડો વધીને હવે ૩૭ ઉપર પહોંચી ગયો છે. ભોજપુર જિલ્લામાં સૌથી વધારે ૧૨ લોકોના મોત થયા છે. ગંગા, સોન, પુનપુન, બુરહી, ગંડક, કોશી અને અન્ય તમામ નદીઓમાં પાણીની સપાટી વધારે હોવાના કારણે

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-વિન્ડીઝની વચ્ચે આજે ટી-ટ્વેન્ટી ખેલાશે

ફ્લોરિડા,તા. ૨૬

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ફ્લોરિડામાં રમાનારી બે ટ્વેન્ટી-૨૦ મેચોને લઈને જોરદાર રોમાંચ જોવા મળી રહ્યો છે. બન્ને ટ્વેન્ટી મેચોમાં છગ્ગા ચોગ્ગાની જોરદાર રમઝટ જોવા મળે તેવી શક્યતા છે.

ફ્લોરિડાના સેન્ટ્રલ બ્રોવાર્ડ રિજનલ પાર્ક સ્ટેડિયમ ખાતે બે મેચો રમાનાર છે. રસપ્રદ બાબત એ છે કે અમેરિકામાં ભારત પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય મેચ રમવા જઈ રહ્યુ છે.

સેન્ટ્રલ બ્રોવાર્ડ પાર્ક સ્ટેડિયમ અમેરિકામાં આઈસીસી દ્વારા માન્યતાપાત્ર એકમાત્ર વનડે સ્ટેડિયમ તરીકે માન્યતા ધરાવે છે. ભારતીય ક્રિકેટ ટીમના કોચ અનિલ કુમ્બલેએ કહ્યુ છે કે ફ્લોરિડાના મેદાન ખાતે જે પ્રકારની સુવિધા રહેલી છે તે જોઈને અમે ખુશ છીએ.

## હાજી અલી દરગાહમાં મહિલાઓ પ્રવેશ કરી શકશે : મુંબઈ હાઈકોર્ટ

**મહિલાઓના દરગાહમાં મજાર સુધી જવા ઉપર અમલી કરવામાં આવેલ પ્રતિબંધને અંતે ઉઠાવ્યો : ચુકાદાની ચર્ચા**



મુંબઈ,તા. ૨૬

મુંબઈ હાઈકોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા આજે હાજી અલી દરગાહના પ્રવેશ દ્વારા મહિલાઓ માટે ખોલી દીધા હતા. કોર્ટે મહિલાઓના દરગાહમાં મજાર સુધી જવા પર મુકવામાં આવેલા પ્રતિબંધને આજેઉઠાવી લેવાની જાહેરાત કરી હતી. આ ચુકાદાને ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. આ લડાઈ કેટલાક વર્ષોથી ચાલી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હાજી અલી ટ્રસ્ટ મજાર સુધી મહિલાઓના પ્રવેશને લઈને વિરોધ કરતા મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. ટ્રસ્ટે હાઈકોર્ટના આ નિર્ણયની સામે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવાનો નિર્ણય કર્યો છે. હજુ સુધી હાજી અલી દરગાહના મજાર સુધી જવાની માત્ર પુરૂષોને જ મંજુરી હતી. ભારતીય મુસ્લિમ મહિલા આંદોલન દ્વારા મહિલાઓના પ્રવેશ સામે લાગુ કરવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લેવાની માંગ કરીને લડાઈ છેડી હતી. સાથે સાથે મુંબઈ હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. આ સંગઠને દલીલ કરી હતી કે ઈસ્લામમાં એવી કોઈ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી કે મહિલાઓએ મજારની પાસે જવુ જોઈએ નહી. મુંબઈના વર્લી ક્ષેત્રમાં અરબ સાગરની વચ્ચે સ્થિત લોકપ્રિય હાજી અલી દરગાહમાં મહિલાઓના પ્રવેશના અધિકારની લડાઈ વર્ષ ૨૦૧૧થી ચાલી રહી હતી.

# અમેરિકાની પાકિસ્તાનને ૧૦૦ કરોડથી ઓછી સહાય

## ભારત સાથે મજબૂત સંબંધોની અસર હેઠળ સહાયમાં ઘટાડો : વર્ષ ૨૦૦૭ બાદ પ્રથમ વખત અમેરિકા પાકિસ્તાનને ૧૦૦ કરોડ ડોલરથી ઓછી સહાયતા આપશે : સહાયમાં ઘટાડો કરાતા પાકિસ્તાનમાં ખળભળાટ

નવી દિલ્હી,તા. ૨૬

અમેરિકા સાથે ભારતના અતિ મજબૂત થઈ રહેલા સંબંધોની અસર હવે દેખાવવા લાગી રહી છે. જેના પરિણામ સ્વરુપે અમેરિકા પાકિસ્તાનને આપવામાં આવતી સહાયમાં સતત ઘટાડો કરી રહ્યું છે. આ વર્ષે પાકિસ્તાનને અમેરિકા તરફથી ૧૦૦ કરોડ ડોલરથી પણ ઓછી મદદ મળનાર છે. ભારત સાથે વધતા સંબંધોની અસર દેખાવવા લાગી ગઈ છે. અમેરિકાએ ત્રાસવાદીઓ સામે લડવા માટે પાકિસ્તાનને આપવામાં આવતી આર્થિક મદદમાં ધરખમ ઘટાડો કર્યો છે. અમેરિકી સૈન્ય, ગુપ્તચર અધિકારીઓ અને નિષ્ણાતોના કહેવા મુજબ અમેરિકાની સાથે ભારતના લશ્કરી અને કારોબારી સંબંધોમાં દિન પ્રતિદિન મજબૂતી આવી રહી છે.

બીજી બાજુ ઈસ્લામાબાદ અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધોમાં ખેંચતાણની સ્થિતિ સર્જાઈ રહી છે. અમેરિકા અને પાકિસ્તાન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીમાં થઈ રહેલા ઘટાડા માટે વિશ્વાસના અભાવ અને સાથે સાથે આતંકવાદને રોકવા માટે પાકિસ્તાન દ્વારા લેવામાં આવેલા નહીંવત પગલાને મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અમેરિકાએ હાલના વર્ષોમાં પાકિસ્તાનને આપવામાં આવતી લશ્કરી અને આર્થિક બંને મદદમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનનું સમર્થન કરવાના મુદ્દા ઉપર અમેરિકી અધિકારીઓ પાકિસ્તાન પર લાલઘૂમ છે. એક અમેરિકી સરકારી અધિકારીએ આંકડાનો ઉલ્લેખ કર્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, અમેરિકા ૨૦૧૬માં પાકિસ્તાનને ૧૦૦ કરોડ અમેરિકી ડોલર કરતા પણ ઓછી રકમની મદદ કરશે. અહેવાલ મુજબ ૨૦૦૭ બાદ પ્રથમ વખત અમેરિકા પાકિસ્તાનને ૧૦૦ કરોડ ડોલરથી ઓછી સહાયતા આપનાર છે.



હાથી ઘોડા પાલખી - જય કનૈયાલાલ કી - રાજ્યભરમાં કૃષ્ણ જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ હતી... રાજ્યના ગામે-ગામ અને શહેરે-શહેર વહેલી સવારથી જ મટકી ફોડ, શોભાયાત્રા અને કિર્તન-આરાધનાના કાર્યક્રમો યોજાયા હતા... હાથી ઘોડા પાલખી - જય કનૈયાલાલકીના જય ઘોષ સાથે મધ્યરાત્રિએ ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ ઉજવાયો હતો...

# શહેરનું સંત સરોવર છલોછલ

## ૨૦ ગેટ બંધ કરાયા : ધરોઈ બંધમાંથી પાણી છોડવાનું બંધ કરાતાં લેવાયેલો નિર્ણય : એક ગેટ અર્ધો ફૂટ ખોલી ૧ હજાર ક્યુસેક પાણી હાલ છોડાઈ રહ્યું છે તે પણ એક બે દિવસમાં બંધ કરી દેવાશે





ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર નજીક નિર્માણ પામેલ સંત સરોવર આજે છલોછલ ભરાઈ જવા પામ્યુ છે. જેને લઈ સરોવર એ પ્રકૃતિ પ્રેમીઓના આકર્ષણનું આગવુ કેન્દ્ર બન્યુ છે. સંત સરોવરના ૨૦ ગેટ બંધ કરાયા જ્યારે ૧ ગેટ અર્ધો ફૂટ ખોલી ૧ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

રાજસ્થાન અને ધરોઈ બંધના ઉપરવાસમાં થયેલા વરસાદને પગલે ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યુ હતુ. ત્રણ દિવસ બાદ હવે ધરોઈમાંથી પાણી છોડવાનું બંધ કરાતાં સંત સરોવરના પણ તમામ ગેટ બંધ કરવામાં આવ્યા હતા અને સરોવરમાં પાણીની આવક ચાલુ હતી જેને લઈ ડેમમાં હાલ જળસપાટી ૫૦.૨૦ મીટર થઈ ગઈ છે.

પાણીની ૬ હજાર ક્યુસેક આવક હોવાથી સત્તાવાળાઓએ એક ગેટ અર્ધો ફૂટ સુધી ખુલ્લો રાખી ૧ હજાર ક્યુસેક પાણી છોડવાનું ચાલુ રાખ્યું છે. ડેમમાં હજુ એકાદ દિવસ સુધી પાણીની આવક ચાલુ રહેશે તેવું અનુમાન છે. આમ જે ગેટ અર્ધો ફૂટ ખોલવામાં આવેલ છે તે પણ એકાદ બે દિવસમાં બંધ કરી દેવાશે આ પછી ૫૦.૨૦ મી.નું લેવલ મેઈન્ટેઈન કરવામાં આવશે.

ધરોઈમાંથી છોડાયેલા પાણીને કારણે સાબરમતી નદી સંપૂર્ણ રિચાર્જ થઈ ગઈ છે. હવે સંત સરોવરમાં ૯ મિલીયન ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ જળસંચયને કારણે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવશે.

સંતસરોવરમાં ૫૫.૫૦ મી. લેવલ સુધી પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા છે પરંતુ આ યોજનાને પૂર્ણ થયે હજુ એક વર્ષ થયુ હોવાથી હાલ ૫૦.૨૦ મી. સુધી પાણી ભરવામાં આવ્યુ છે. આ પાણી લગભગ સંતસરોવરથી ૧૦ કિ.મી. સુધીના વિસ્તારમાં સંગ્રહ થયેલુ હોવાથી વાતાવરણની આહલાદકતા અનોખી બને છે. ગાંધીનગર શહેરમાં જીઈબી તેમજ સે. ૯ નજીક બનાવવામાં આવેલ ફ્રેન્ચવેલ રિચાર્જ થઈ ગયા છે. આ ઉપરાંત જિલ્લાની ભૂગર્ભ જળ સંપતિને પણ સારો એવો ફાયદો થયો છે. આ જળસંગ્રહ ૨ થી ૩ માસ સુધી જળવી શકશે તેવું અનુમાન છે.

# રાજ્યના ૧૧૯ તાલુકાઓમાં વરસાદ થયોઃ રાણપુરમાં ૪ ઈંચ

## મૂળી, ચૂડા, વંથલી અને બોટાદમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. દક્ષિણી રાજસ્થાન પર અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ પ્રવર્તી રહી છે જેના પરિણામ સ્વરુપે ગુજરાતના જુદા જુદા ભાગોમાં હજુ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જો કે, ભારેથી અતિભારે વરસાદની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તમામ જગ્યાઓએ વરસાદ પડી રહ્યો છે. પાટનગર ગાંધીનગરમાં પણ વરસાદ થયો છે. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદ થયો છે. ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં ગાજવીજ સાથે

● અનુસંધાન પાન-૭ પર


**VAIBHAV FURNISHINGS INC.**
RETAIL SHOWROOM & FACTORY OUTLET
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**આયુર્વેદિક દવાઓ**
હ્રીં | NAGARJUNA | BAN Since 1966 | Himalaya HERBAL HEALTHCARE | ZANDU | ધૂતપાપેશ્વર | VASU Healthcare Pvt. Ltd. | પતંજલિ | Baidyanath | Dabur | SANDU | Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415